# ખરવા મોવાસા: દૂધાળા પશુ માટે ખતરો

ડૉ.વૈષ્ણવી એસ. પટેલ, ડૉ. દિપક અમીન, ડૉ.ઉત્તમ બી. પટેલ* અને ડૉ. અતુલ. એમ. પટેલ
પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનું યુનિવર્સીટી, સરદારકૃષિનગર, દાંતીવાડા

VETERINARY TODAY INTERNATIONAL
ISSN 2583-8288
DOI:10.5281/Vettoday.18099321

ખરવા મોવાસા રોગ જે ટૂંકમાં ખરવા તરીકે ઓળખાય છે તેને અંગ્રેજી માં ફૂટ એન્ડ માઉથ ડિસીઝ કહેવાય છે. આ રોગ ગાય, બળદ, ભેસ, ઘેટા, બકરાં, ડુકકર અને કેટલાક જંગલી પશુઓને મોટેભાગે શિયાળા ની ઋતુમાં થાય છે. આ રોગ આપણા દેશમાં એટલો સામાન્ય છે કે ગ્રામ્ય વિસ્તારોમાં પણ દરેકને તેની જાણ છે. છતાં, પશુપાલકો તેને ખાસ મહત્વ આપતા નથી અને રોગ થવો એક સામાન્ય ઘટના માની લે છે. જો કે સ્થાનિક જાતિની ગાયોમાં રોગ પ્રતિકારક શક્તિ ખૂબ વધુ હોય છે, તેથી મરણપ્રમાણ લગભગ નહિવત રહે છે. પરંતુ આ રોગ ઉત્પાદન ક્ષેત્રે ઘણુ નુકશાન પહોંચાડે છે. ખરવા ના કારણે જ દર વર્ષે આશરે રૂ. 24,000 કરોડ જેટલું આર્થિક નુકસાન થતું હોવાનો અંદાજ છે. આ રોગને નિયંત્રણમાં લેવા અને નાબૂદ કરવા થકી દૂધ ઉત્પાદન વધશે, લાખો ખેડૂત પરિવારના જીવન-જિવિકા મજબૂત બનશે, તેમનું આવક સ્તર ઊંચું જશે.

**પરિચય:**

ખરવા મોવાસા એ પિકોર્ના વિરીડી કુળ ના એપ્થો વાઇરસ થી થાય છે. ખરવા મોંવાસાના વિષાણુઓની મુખ્ય સાત સ્ટ્રેઈન છે; જે ઓ (O), એ (A), સી (C), સેટ-1, સેટ-2, સેટ-3 અને એશિયા-1 પ્રમાણે છે. ભારતના અન્ય રાજયની જેમ આપણા રાજયમાં લગભગ તમામ જીલ્લાઓમાં આ રોગચાળો એન્ડેમીક છે અને દર વર્ષે તેના રોગચાળા નોંધાય છે. છેલ્લા ઘણા વર્ષોમાં, પ્રાણીઓ મોટાભાગે વાયરસના ઓ(O) સ્ટ્રેઈનથી પ્રભાવિત થયા છે. ક્યાંક ક્યાંક પ્રાણીઓ A અને એશિયા-1 સ્ટ્રેઈનથી પણ પ્રભાવિત છે. હાલ તમામ વિષાણુની સ્ટ્રેઈન સામે પ્રતિકારક શકિત આપે તેવી રસી ઉપલબ્ધ છે.

ફેલાવો:

- આ વાયરસ એપીથેલીયોટ્રોપીક હોવાથી તમામ એપીથેલીયલ કોષો જેવા કે જીભ, ચામડી, અન્નનળી, આંતરડાં વગેરે માં રહે છે અને વૃદ્ધિ પામે છે. રોગિષ્ટ પશુની લાળ અને અન્ય સ્ત્રાવોમાં વિષાણુઓ હોય છે.
- પશુને રોગ શરૂ થયાના પહેલા ચાર દિવસે દુધ, વીર્ય વગેરે તમામ સ્ત્રાવમાં વિષાણુઓ હોય છે.
- સૂકા છાણમાં ઉનાળામાં વિષાણુઓ ૧૪ દિવસ સુધી જીવિત રહી શકે છે. શિયાળામાં છાણમાં છ માસ અને પેશાબમાં ૩૯ દિવસ જીવિત રહી શકે છે. જમીનમાં છ માસ સુધી જીવિત રહી શકે છે.

**લક્ષણો:-**

- ચેપ લાગ્યા બાદ 18 કલાકથી 21 દિવસના સમયમાં રોગનાં લક્ષણો દેખાય છે. સામાન્યપણે એક જ તબેલામાં રહેતાં, કોઢમાં એક છાપરા નીચે રહેતાં મોટાભાગનાં જાનવરોને એકસાથે રોગ લાગુ પડે છે.
- રોગી પશુને 97-98° સે. જેટલો તાવ આવે છે. મોઢાંની ત્વચામાં, પેઢામાં તેમજ જીભના ભાગ ઉપર ફોલ્લા થાય છે; જે ફૂટીને લાલાશ પડતાં ચાંદાંમાં પરિણમે છે. આને કારણે જાનવરને ખૂબ જ દર્દ થાય છે અને ખોરાક લઈ શકાતો નથી અને મોઢામાંથી સતત લાળ પડ્યાં કરે છે.
- સામાન્ય રીતે ફોલ્લા ફૂટી ગયા બાદ ધીરે ધીરે તાવ ઓછો થતો જાય છે અને પછી ચાંદાંમાં રૂઝ આવવી શરૂ થાય છે.
- કેટલીક વખત જાનવરને પગની ખરી વચ્ચેની ચામડી પર ફોલ્લા થાય છે, જે ફૂટીને ચાંદાં પડે છે. આને પરિણામે જાનવરને ખૂબ જ દર્દ થાય છે અને તે લંગડાતું ચાલે છે. જો કાળજી રાખવામાં ન આવે તો પગના ચાંદામાં માખીની ઇયળો (જીવાત) પડે છે અને રૂઝ આવતાં સમય લાગે છે અને કોઈક વખત ખરી પણ છૂટી પડી જાય છે.
- અમુક કિસ્સાઓમાં આંચળ અને થાનલાં ઉપર પણ ફોલ્લા થાય છે અને ચાંદાં પડે છે. આને પરિણામે જાનવરના દૂધ-ઉત્પાદન પર અવળી અસર થાય છે. રોગી જાનવરને ખોરાક લેવાની અરુચિ થવાથી તેની ઉત્પાદકશક્તિ તેમજ કાર્યક્ષમતા ઘટી જાય છે.
- આ ચેપને લીધે નાનાં વાછરડાં તેમજ વિદેશી જાતના જાનવરોમાં મૃત્યુનું પ્રમાણ ઘણું ઊંચું રહે છે.

**નિદાન:-**

- રોગનું નિદાન તેનાં લક્ષણો પરથી થઈ શકે છે.
- આ ઉપરાંત વિષાણુઓની સ્ટ્રેઈન (જાતો) જાણવા રાજય કક્ષાનું ટાઈપીંગ ભારત સરકાર દ્વારા અમદાવાદ ખાતે શકય બનેલ છે આ માટે ફોલ્લાનું પ્રવાહી અથવા તો ફોલ્લાની ચામડીના ટુકડાને 5 % ગ્લિસરીન ફૉસ્ફેટના બફર (તટસ્થ) દ્રાવણમાં મૂકીને પ્રયોગશાળામાં લઈ જઈ ત્યાં તેનું પરીક્ષણ કરવામાં આવે છે.

**સારવાર:-**

- મોઢાંનાં ચાંદાંને ફટકડી કે પોટૅશિયમ પરમૅન્ગેનેટ(1:1000)ના દ્રાવણથી સાફ કરીને બોરોગ્લિસરીન, ટેનિક ઍસિડ અથવા તો કાથા જેવી વસ્તુ લગાડી શકાય.
- પગમાંની ખરીના ચાંદાને જંતુનાશક દવાથી સાફ કરી બોરિક ઍસિડ, ઝિંક ઑક્સાઇડ, કે સલ્ફાનિમાઇડનો મલમ લગાડી શકાય. જખમમાં ઇયળોના નાશ માટે એક ભાગ ટર્પેન્ટાઇનનું તેલ તથા ત્રણ ભાગ મીઠા તેલનું મિશ્રણ કરી લગાડી શકાય.
- સામૂહિક સારવાર માટે ગામમાં અથવા તો ગમાણમાં જાનવર દાખલ થવાની જગ્યાએ 2 મીટર લાંબો, 1.5 મીટર પહોળો તેમજ 20 સેમી. ઊંડો ખાડો તૈયાર કરી તેમાં વિષાણુનાશક દવા (4% ધોવાનો સોડા અથવા તો 1% મોરથૂથુંનું દ્રાવણ) ભરી તેમાંથી જાનવરને પસાર થવા દેવાં.

અટકાવ:-

- રોગ થતો અટકાવવા માટે ખરવા મોંવાસાની રસી નિયમિત રીતે મુકાવવી હિતાવહ છે. આ માટે બજારમાં વિષાણુના જુદા જુદા પ્રકારની મિશ્ર રસી ઉપલબ્ધ છે.





